# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ   ૧૯૪૯ થી કાર્યરત

11977


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


૧૯ ઓક્ટોબર, ૨૦૧૯

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય પ્રધાનમંત્રીશ્રી
ભારત સરકાર
નવી દિલ્હી.

**માનનીય પ્રધાનમંત્રીશ્રી,**

આપની કુશળતા ઈચ્છુ છું !

જય ભારત સહ સવિનય આપશ્રીના ધ્યાને મુકવાનું કે ધંધાર્થી વેપારીઓ પોતાનો ધંધામાં પારદર્શિતા લાવવા તેમજ ધંધો ચલાવવા બિઝનેસની રકમ મેળવવા તેમજ સીક્યોરીટી તરીકે આગળની તારીખના ચેક લેતા હોય છે. આગળની તારીખના ચેક લેવા તે વેપાર-ઉદ્યોગની સર્વસ્વીકૃત પ્રણાલિ છે અને રાષ્ટ્રીયકૃત તેમજ પ્રાઈવેટ બેન્કો, **NBFC** તેમજ અન્ય નાણાકીય સંસ્થાઓ પણ વિવિધ નાણાકીય વ્યવહારો માટે આગળની તારીખના ચેક સ્વીકારે છે. જ્યારે જે તે તારીખે આપેલ માલના નાણા મેળવવા ચેક સંબંધિત બેન્કમાં ભરવામાં આવે છે ત્યારે ચેક રીટર્નના બનાવો બને છે. પહેલાં ચેક બાઉન્સ/રીટર્ન થાય તો આબરૂ ઘટે કે ઈજ્જત જાય તેવી શરમ વેપારીઓમાં હતી. હવે ચેક બાઉન્સ/રીટર્ન થવા રૂટિન બાબત થતી જાય છે તેના કારણે ચેકની ગંભીરતા રહેતી નથી અને વેપાર-ધંધામાં એકબીજા પ્રત્યે વિશ્વાસ ઉઠી જાય છે. હાલમાં કાપડ ઉદ્યોગમાં ચેક બાઉન્સ/રીટર્નના ઘણાં કિસ્સાઓ બન્યા હતા જે તે કાપડ ઉદ્યોગ માટે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. આ પ્રશ્નની રજૂઆત અમારા સભ્ય એસોસીયેશન મસ્કતી કાપડ મહાજન દ્વારા કરવામાં આવી હતી. અન્ય વેપારના ક્ષેત્રોમાં પણ આ પ્રશ્ન ખૂબ ગંભીર બન્યો છે.

ચેક બાઉન્સ/રીટર્નમાં હાલના કાયદા મુજબ ૧૫ દિવસમાં નોટીસ આપેલ હોય તો નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ કોર્ટમાં કાર્યવાહી થાય છે અને આ કાર્યવાહીના કેસો ચાલતાં ૧૦-૧૦ વર્ષ નીકળી જાય છે.

ચેક બાઉન્સ/રીટર્ન થવાને કારણે વેપાર-ઉદ્યોગને ખૂબજ મુશ્કેલી અને નાણાભીડનો સામનો કરવો પડે છે. આથી, ત્રણ થી વધુ વખત ચેક બાઉન્સ/રીટર્નના કિસ્સાઓમાં નોન બેલેબલ વોરન્ટ કાઢવાની અને પોલીસ ફરિયાદ કરી શકવાની જોગવાઈ કરવી જોઈએ અને વારંવાર ચેક બાઉન્સ થવાના સંજોગોમાં તેમના અંગત બેન્ક એકાઉન્ટને સ્થગિત કરવા જોઈએ જેથી વેપાર-ઉદ્યોગને અણધાર્યો બોજોપડે નહીં અને આવું ખોટું કરનાર તત્વોને અટકાવી શકાય. આ અનુસંધાને અમોએ અગાઉ કાયદા મંત્રાલયમાં પણ રજૂઆત કરેલ છે. આ અંગે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લઈ વટહુકમ જારી કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org